**તા.૨૯/૧૦/૨૦૨૧**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૨૯/૧૦/૨૦૨૧ ને શુક્રવારનાં રોજ બપોરનાં ૦૧=૦૦ કલાકે વર્તમાન કોરોના વાયરસનાં સંક્રમણને ધ્યાને લઇ તેની ગાઇડ લાઇનને અનુલક્ષીને પેટલાદ નગરપાલિકાના સભાખંડમાં સોસીયલ ડીસ્ટન્સ જળવાય તે રીતે બેઠક વ્યવસ્થા સાથે મળી જેમાં નિયત તારીખ અને નિયત કરેલ સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | ગીતાબેન એ. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | દર્શનાબેન વિ. પટેલ | સભ્યશ્રી |
| (૩) | નિલેશભાઇ એસ. વાલ્મિક | ” |
| (૪) | મનિષાબેન એમ. ચૌહાણ | ” |
| (૫) | પ્રવિણભાઇ કે. પરમાર | ” |
| (૬) | રમેશભાઇ આર. પરમાર | ” |
| (૭) | ગીતાબેન જે. પરમાર | ” |
| (૮) | ભાવિન એમ. પટેલ | ” |
| (૯) | જય બી. પટેલ | ” |
| (૧૦) | જલ્પાબેન બી. શાહ | ” |
| (૧૧) | કેતનકુમાર સી. ગાંધી | ” |
| (૧૨) | જીજ્ઞેશકુમાર એ. જોશી | ” |
| (૧૩) | કાજલ કાશકુમાર પટેલ | ” |
| (૧૪) | ધરતીબેન જે. પટેલ | ” |
| (૧૫) | સુનિલકુમાર એસ. પટેલ | ” |
| (૧૬) | અશ્વિનકુમાર આર. કાછીઆ | ” |
| (૧૭) | ભૌમીબેન પી. કાછીઆ | ” |
| (૧૮) | વિશાલબેન એસ. સોની | ” |
| (૧૯) | કોકીલાબેન એ. તળપદા | ” |
| (૨૦) | ભાવેશભાઇ કે. તળપદા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

સભાગૃહની પ્રણાલિ મુજબ આજની બેઠકનાં એજન્ડા ઉપરનાં કામો પૈકી કામ નં.૧ કે જે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબતનું કામ છે તે કામ સૌપ્રથમ હાથ ધરવામાં આવ્યું. અને શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લીધો.

**કામ નં. (૧) :** પેટલાદ નગરપાલિકાનાં ઉપપ્રમુખશ્રી ગોવિંદભાઇ તળપદાના તાજેતરમાં થયેલ દુ:ખદ અવસાન અંગે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત.

**ઠરાવ નં. ૪૦ / તા.૨૯/૧૦/૨૧**

**શોક ઠરાવ**

આથી આ શોક ઠરાવથી ઠરાવવામાં આવે છે કે, પેટલાદ નગરપાલિકાનાં ઉપપ્રમુખશ્રી ગોવિંદભાઇ રણછોડભાઇ તળપદાનાં તાજેતરમાં ટૂંકી બિમારી બાદ દુ:ખદ અવસાન થયેલ છે. તેઓએ પોતાનાં કાર્યકાળ દરમ્યાન પ્રજાનાં સેવાકીય કાર્યો કરેલ હતાં જેથી તેઓ પ્રજામાં લોકપ્રિય હતાં તેઓનાં દુ:ખદ અવસાન પ્રસંગે આજની સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે. દિવંગતનાં આત્માને ઇશ્વર ચિર શાંતિ અર્પે તેમજ તેમનાં કુટુંબ પર અચાનક આવી પડેલી આપત્તિની ઘડીમાં દુ:ખ અને આઘાત સહન કરવાની શકિત અર્પે તેવી પ્રાર્થના સહ આજની સભામાં ઉપસ્થિત સર્વેએ બે મીનીટનું મૌન પાળી પ્રાર્થના કરી, સદ્ગતને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લઇ સભાગૃહમાં ઉપસ્થિત સર્વેએ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા પોતાનાં સ્થાને ઊભા થઇ બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું.

મૌનનો સમય પૂર્ણ થતાં અધ્યક્ષશ્રીએ આજની સભાની કાર્યવાહી શરૂ કરવા આદેશ કર્યો.

આજની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં સૌપ્રથમ આજની કાર્યસૂચિનાં કામ નં.૧૫ કે જે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રખડતા ઢોરને પકડી ઢોર ડબ્બા માટેની જગ્યા નક્કી કરવા બાબતનું આવેલ કામ ફેર વિચારણા માટે હાલ પૂરતું મુલત્વી રાખવા અંગેની જાહેરાત કરતાં તેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવ્યું. ત્યારબાદ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લીધી.

* જરૂરી વિષયનાં કામ :-

(૧) જીલ્લા આયોજન મંડળ દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ રૂા.૨૫.૦૦ લાખની ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો હાથ ધરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૨) પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જાહેર માર્ગોનું નામાભિધાન કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

નોંધ:- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

(૩) પેટલાદની ટી.પી સ્કીમ નં.૧ નાં ફા. પ્લોટ નં.૨૬/એ માં આવેલ બાલક્રિડાંગણવાળી જગ્યા તેનો હેતુફેર કરી ડો.બાબા સાહેબ આંબેડકર ભવન બનાવવા ફાળવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૪) પેટલાદ શહેરમાં આવતી એસ.ટી.ડેપોની તમામ બસ સરદાર ચોકથી શેરપુરા થઇ કાળકા ગેટ થઇ સ્ટેશન જવા માટેનો વન-વે રસ્તો પુનઃ ચાલુ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૫) પેટલાદ નગરપાલિકાનાં બાંધકામ તથા ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત રોજબરોજની આવતી ફરિયાદોનો નિકાલ આઉટ સોર્સીંગથી કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૬) મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડ, શ્રીમતિ અનિશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરિફખાન જે. પઠાણ, શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ, શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ વિ. મીરઝા, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ. કાજી, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રી અસ્લમબેગ એ. મિરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

ઉપર જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યાં.

ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં. (૨)** : પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સામાન્ય સભાનાં પ્રોસીડીગને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૧ / તા.૨૯/૧૦/૨૧**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા ગત તા.૧૯/૦૬/૨૦૨૧ નાં રોજ મળેલ હતી જે ગત મળેલ સભાનાં પ્રોસીડીગને વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩)** : મેનેજીંગ કમિટીની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૦૨૧ થી જુન-૨૦૨૧ સુધીનો ત્રિમસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૨ / તા.૨૯/૧૦/૨૧**

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

મ્યુનિ. સભ્યશ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભાઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૧ થી માહે જૂન -૨૧ સુધીનો તૈયાર થઇ આવેલ ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૧ થી માહે જૂન-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪)** : એન.કે. હાઇસ્કૂલ શાળા કમીટીની ભલામણ સહ શાળાનો તૈયાર થઇ આવેલ તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૩ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૧ થી માહે જૂન-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ-૨૧ થી માહે જૂન-૨૧ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૫)** : પેટલાદ નગરપાલિકાનાં જૈવ વિવિધતા વ્યવસ્થાપન કાયદા અને તેનાં નિયમોનો નગરપાલિકા કક્ષાએ અમલ કરવા બાબતે તૈયાર થઇ આવેલ રીપોર્ટ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૪ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રીમતિ ભૌમીબેન પી. કાછીઆ, શ્રી નિલેશકુમાર એસ. વાલ્મિકનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં જૈવ વિવિધતા વ્યવસ્થાપન કાયદા અને તેનાં નિયમોનો નગરપાલિકા કક્ષાએ અમલ કરવા બાબતે તૈયાર થઇ આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં વિવિધતા વ્યવસ્થાપન કાયદા અને તેનાં નિયમોનો નગરપાલિકા કક્ષાએ અમલ કરવા બાબતે ગુજરાત

સરકારશ્રીનાં વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંકઃ વપસ / ૧૦૨૦૧૮ /એસ.એફ.-૦૨/ ડબલ્યુ તા.૨૬/૦૪/૨૦૧૮ અંતર્ગત પેટલાદ નગરપાલિકા કક્ષાએ જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચના કરવા સામાન્ય સભાનાં ઠરાવ નં.૪૦/ તા.૧૦/૦૨/૨૦૨૦થી રચના કરવામાં આવેલ હતી. પરંતુ આ સમિતિમાં જણાવેલ સભ્યશ્રીઓની અવધિ પૂર્ણ થતાં તાજેતરમાં પેટલાદ નગરપાલિકાની સામાન્ય ચુંટણી-૨૦૨૧ અંતર્ગત નવિન ચુંટાયેલ સભ્યશ્રીઓની વરણી કરી આ સમિતિની પુનઃરચના કરવાની થાય છે. તેથી વન અને પર્યાવરણ વિભાગનાં ઠરાવને ધ્યાને લઇ તેમાં જણાવેલ વિગતે પેટલાદ નગરપાલિકાની જૈવ વ્યવસ્થાપન સમિતિની રચના નીચે જણાવેલ સભ્યશ્રીઓની કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા ચીફ ઓફિસરશ્રીને અને પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

જૈવ વ્યવસ્થાપન સમિતિ :-

| ક્રમ | પુરું નામ અને સરનામુ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રીમતિ ગીતાબેન અશોકભાઇ પટેલ<br>૯, શિવ પાર્ક સોસાયટી, અંકુર સોસાયટી પાછળ, પેટલાદ. | અધ્યક્ષ |
| ૨ | શ્રીમતિ જલ્પાબેન ભાવેશકુમાર શાહ<br>૪૨, નાગરકુવા, પેટલાદ | સ્ત્રી સભ્ય |
| ૩ | શ્રીમતિ વિશાલબેન શૈલેષકુમાર સોની<br>ખુંટાપાડા શેરી, પેટલાદ. | સ્ત્રી સભ્ય |
| ૪ | શ્રીમતિ ગીતાબેન જયંતિભાઇ પરમાર<br>બી-૨૦, પોલિસ ક્વાર્ટર્સ, પેટ્રોલ પંપ સામે, પેટલાદ | અનુ. જાતિ |
| ૫ | શ્રી સુનિલકુમાર શંકરભાઇ પટેલ<br>માળી ફળીયુ, પેટલાદ. | સભ્ય |
| ૬ | શ્રી પ્રવિણભાઇ ક્રિષ્નાભાઇ પરમાર<br>સંતરામપુરાની ચાલી, પેટલાદ. | સભ્ય |
| ૭ | ચીફ ઓફિસર<br>પેટલાદ નગરપાલિકા, પેટલાદ. | મંત્રી |

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૬) :** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર વિભાગ તરફથી સોહંગ પંપીગ સ્ટેશનમાં જરૂરી રીનોવેશનના કરવાનાં કામે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૫ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રી નિલેશકુમાર એસ. વાલ્મિક, શ્રીમતિ ભૌમીબેન પી. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા(વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર વિભાગ તરફથી સોહંગ પંપીગ સ્ટેશનમાં જરૂરી રીનોવેશનના કામે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના વિભાગનાં સોહંગ સિનેમા પંપીગ સ્ટેશનમાં જરૂરી રીનોવેશન, તથા સલામતીના ભાગરૂપે તેની ફરતે કંપાઉન્ડ વોલ બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામ ૧૪ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી ખર્ચ કરી કામગીરી પૂર્ણ કરવા ઠરાવેલ હતું પરંતુ ૧૪ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમ ઉપલબ્ધ ન રહેતાં સદર કામ ૧૫ મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી ખર્ચ કરી કામગીરી પૂર્ણ કરાવવાની જરૂરિયાત છે. તો સદર કામગીરી સરકારશ્રી દ્વારા ૧૫ મા નાણાંપંચની ટાઇડ – અનટાઇડ સદર હેઠળ ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. આ સને ૨૦-૨૧ ની ફાળવેલ ગ્રાન્ટમાંથી અનટાઇડ સદરમાંથી ખર્ચ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ અંદાજીત રૂા.૩,૪૪,૯૦૦/- નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા ચીફ ઓફિસરશ્રીને અને પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૭)** : પેટલાદ નગરપાલિકાના સંચાલિત દેવકુવા પંપીગ સ્ટેશનમાં જરૂરી રીનોવેશનનાં કામે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૬ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રી ભાવેશભાઇ કે. તળપદા, શ્રીમતિ કોકીલાબેન એ. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત દેવકુવા મુખ્ય પંપીગ સ્ટેશનના જરૂરી રીનોવેશનના કામે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, દ્વારા તૈયાર કરી સને ૧૯૭૧ ની સાલમાં નગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ છે. ત્યારબાદ આજદિન સુધી તેમાં કોઇપણ જાતનું રીપેરીગ કરાવેલ નથી. તેથી હાલમાં તે જર્જરિત હાલતમાં હોઇ તેની સાચવણીનાં ભાગરૂપે તેમાં જરૂર મુજબ રીપેરીગ કરાવવાની જરૂરિયાત છે. તો પેટલાદ નગરપાલિકા સંચાલિત દેવકુવા મુખ્ય પંપીગ સ્ટેશનમાં જરૂરી રીપેરીગ કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. સદર કામ ૧૪ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી ખર્ચ કરી કામગીરી પૂર્ણ કરવા ઠરાવેલ હતું પરંતુ ૧૪ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમ ઉપલબ્ધ ન રહેતાં સદર કામ ૧૫ મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી ખર્ચ કરી કામગીરી પૂર્ણ કરાવવાની જરૂરિયાત છે.તો સદર કામગીરી સરકારશ્રી દ્વારા ૧૫ મા નાણાંપંચની ટાઇડ – અનટાઇડ સદર હેઠળ ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. આ સને ૨૦-૨૧ ની ફાળવેલ ગ્રાન્ટમાંથી

નોંધ:- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

અનટાઇડ સદરમાંથી ખર્ચ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ અંદાજીત રૂા.૩,૪૭,૦૦૦/- નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા ચીફ ઓફિસરશ્રીને અને પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૮)** : પેટલાદ નગરપાલિકાના મેનેજીંગ કમીટીની ભલામણ સહ હદ વિસ્તારમાં આવેલ નગરપાલિકા ગ્રાઉન્ડમાં હંગામી ધોરણે દારૂખાનાનો ધંધો કરવા અને ન વાંધા પ્રમાણપત્ર અંગેની ફી નક્કી કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૭ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રીમતિ કોકીલાબેન એ. તળપદા, શ્રી ભાવેશભાઇ કે. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નગરપાલિકા ગ્રાઉન્ડમાં હંગામી ધોરણે દારૂખાનાનો ધંધો કરવા અને ન વાંધા પ્રમાણપત્ર અંગેની ફી નક્કી કરવા અંગેનો આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હસ્તકનાં સ્ટેડિયમવાળી જગ્યામાં દારૂખાનાનાં ધંધા રોજગાર માટે જરૂરી ફી અને કાર્યવાહીને આધિન પરવાનગી આપવામાં આવે છે. અને આ કાર્યવાહી અંતર્ગત મે.કલેકટર સાહેબની મંજુરી મેળવવા પેટલાદ નગરપાલિકાની ન વાંધા પ્રમાણપત્ર ની જરૂરિયાત રહે છે. આ સંદર્ભે પેટલાદ નગરપાલિકા દ્વારા અગાઉ કોઇ ઠરાવ થયેલ ન હોઇ અને સમયમર્યાદામાં કામગીરી કરવાને ધ્યાને લઇ ચીફ ઓફિસરશ્રીની મૌખિક સુચના અન્વયે ન વાંધા પ્રમાણપત્ર મેળવવા આવનાર ઇસમ પાસેથી રૂા.૧,૦૦૦/- વસુલવા જણાવતાં તે આધારે વસુલાત કરી પ્રમાણપત્ર આપવામાં આવતું હતું પરંતુ તાજેતરમાં કોરોના વાયરસનાં સંક્રમણથી પ્રજાને પડેલી આર્થિક મુશ્કેલીને કારણે વેપારીઓ દ્વારા આ ફી ની રકમમાં ઘટતું કરવા રજૂઆત કરેલ હતી. જે રજૂઆત વ્યાજબી હોઇ પેટલાદ નગરપાલિકા દ્વારા આપવામાં આવતાં ન વાંધા પ્રમાણપત્ર બાબતે વસુલવામાં આવતી ફી રૂા.૧,૦૦૦/- ને બદલે રૂા.૫૦૦/- વસુલવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાYવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૯) :** પેટલાદ નગરપાલિકાના મેનેજીંગ કમીટીની ભલામણ સહ ભૂગર્ભ ગટર વિભાગ તરફથી રીપોર્ટ કે નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ભૂગર્ભ ગટર લાઇન નાંખવાનાં કામે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૮ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રી રમેશભાઇ આર. પરમાર, શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં મેનેજીંગ કમીટીની ભલામણ સહ ભૂગર્ભ ગટર વિભાગ તરફથી ભૂગર્ભ ગટર લાઇન નાંખવાનાં કામે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની પાઇપ લાઇન નાંખવામાં આવેલ નથી. તેથી આ વિસ્તારનાં રહીશોને ભૂગર્ભ ગટરની સુવિધાનો લાભ આપી શકાય તેવા હેતુસર નવિન પાઇપ લાઇન નાંખવાની થાય છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ વિસ્તારોમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કામની ટૂંકમાં વિગત | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|
| ૧ | અંકુર સોસાયટી અને તુલસી પાર્કમાં ભૂગર્ભ ગટરની પાઇપ લાઇન નાંખવા બાબત | ૪,૨૪,૩૯૯=૦૦ |
| ૨ | શીવ પાંખડી સોસાયટીમાં ભૂગર્ભ ગટરની પાઇપ લાઇન નાંખવા બાબત | ૩,૮૫,૧૩૯=૦૦ |
| ૩ | મણિધન સોસાયટીમાં ભૂગર્ભ ગટરની પાઇપ લાઇન નાંખવા બાબત | ૧,૮૩,૨૮૯=૦૦ |
| ૪ | ખાડાવાળી ચાલીમાં ભૂગર્ભ ગટરની પાઇપ લાઇન નાંખવા બાબત | ૧,૭૬,૦૧૪=૦૦ |
| ૫ | ધોળીકુઇ ઉંડી શેરીમાં ભૂગર્ભ ગટરની પાઇપ લાઇન નાંખવા બાબત | ૧,૮૮,૭૨૭=૦૦ |
| ૬ | અશોક સોસાયટીમાં ભૂગર્ભ ગટરની પાઇપ લાઇન નાંખવા બાબત | ૪,૧૦,૭૮૭=૦૦ |
| | કુલ :- | ૧૭,૬૮,૩૫૫=૦૦ |

ઉપર જણાવેલ કામો પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા ૧૫ મા નાણાંપંચની ટાઇડ – અનટાઇડ સદર હેઠળ ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. આ સને ૨૦-૨૧ ની ફાળવેલ ગ્રાન્ટમાંથી અનટાઇડ સદરમાંથી ઉપરોકત કામોના ખર્ચ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે સને ૨૦૧૫-૧૬ નાં R & B ના S.O.R. રેટ મુજબ કુલ અંદાજીત ખર્ચ રૂા.૧૭,૬૮,૩૫૫=૦૦ થાય છે. સદર અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ૧૫ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમના અનટાઇડ સદરમાંથી કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાNવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૦) :** પેટલાદ નગરપાલિકાના ભૂગર્ભ ગટર વિભાગ તરફથી રીપોર્ટ કે નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ વિવિધ સોસાયટીઓમાં ગટર લાઇન નાંખવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણેં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૯ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ, શ્રી રમેશભાઇ આર. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર વિભાગ તરફથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ વિવિધ સોસાયટીઓમાં ગટર લાઇન નાંખવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કામસાથે સામેલ યાદીમાં જણાવેલ સોસાયટી વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવામાં આવેલ નથી તથા ગામતળ વિસ્તારની કેટલીક શેરીઓમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા જરૂરી લેવલ જળવાતા ન હોવાથી ભૂગર્ભ ગટર યોજનાની જે તે સમયે પાઇપ લાઇન નાંખવામાં આવેલ નથી. તેથી આવા વિસ્તારોમાં ભૂગર્ભ ગટર યોજનાની સુવિધા મળી રહે તે જરૂરી છે. તેથી વિવિધ વિસ્તારોમાં ભૂગર્ભ ગટર લાઇનથી વંચિત રહેલ સોસાયટીઓ, શેરીઓમાં ભૂગર્ભ ગટર લાઇન નાંખવા માટે લાઇન લેવલ ન મળતાં હોવાથી ભૂગર્ભ ગટર નાંખવા માટે નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી એજન્સી નક્કી કરી તે એજન્સી દ્વારા સર્વેની કામગીરી કરાવ્યા બાદ જ ભૂગર્ભ ગટર પાઇપ લાઇન નાંખવા હિતાવહ જણાય છે. તેથી સદર કામે જરૂરી એજન્સીની નિયુક્તિ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૧) :** પેટલાદ નગરપાલિકાનાં રોડ રીસર્ફેસીગ ગ્રાન્ટ વર્ષ ૨૦૨૧-૨૨ હેઠળ ૬૦ લાખની ગ્રાન્ટમાંથી કરવાનાં કામે કરેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૫૦ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રીમતિ વિશાલબેન એસ. સોની, શ્રીમતિ ગીતાબેન જે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં રોડ રીસર્ફેસીગ ગ્રાન્ટ વર્ષ ૨૦૨૧-૨૨ હેઠળ રૂ.૬૦ લાખની ગ્રાન્ટમાંથી કરવાનાં કામે કરેલ કાર્યવાહીને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફક્ત આપના જાણ માટે જ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જાહેર માર્ગોમાં ચોમાસા દરમ્યાન નુકસાન થવા પામેલ રસ્તાની મરામત કરવા માટે સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને રોડ રીસર્ફેસીગની ફાળવેલ ગ્રાન્ટની રકમામાંથી કામગીરી કરાવવા બાબતે સદર કામગીરી સમયમર્યાદામાં કરવાની થતી હોઇ તે અંગેની આગળની કામગીરી અર્થે પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ નીચે જણાવેલ કામો કરાવવા કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કામની ટૂંકમાં વિગત | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|
| ૧ | પેટલાદ શહેરમાં આવેલ કોલેજ ચોકડીથી રણછોડજી મંદિર સુધી રસ્તો રીસર્ફેસીગ કરવાનું કામ | ૩૮,૭૧,૦૦૦=૦૦ |
| ૨ | પેટલાદ શહેરમાં આવેલ કાળકા ગેટ રોડ તરફથી તામિરે હયાત સ્કૂલ તરફનો ટી.પી. રોડ રીર્ફેસીગ કરવાનું કામ | ૮,૦૬,૮૦૦=૦૦ |
| ૩ | પેટલાદ શહેરમાં આવેલ ખોડિયાર પંપીગ સ્ટેશનથી તાઇવાડા તરફનો રસ્તો રીસર્ફેસીગ કરવાનું કામ | ૭,૪૯,૬૦૦=૦૦ |
| ૪ | પેટલાદ શહેરમાં આવેલ ખારાકુવા શેલતની લીમડી તરફનો રસ્તો રીસર્ફેસીગ કરવાનું કામ | ૭,૨૦,૨૦૦=૦૦ |
| | કુલ : | ૬૧,૪૭,૬૦૦=૦૦ |

ઉપરોક્ત જણાવેલ કામો પેટલાદ નગરપાલિકાને ફાળવેલ રોડ રીસર્ફેસીગની રૂા.૬૦.૦૦ લાખની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી કરવવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રૂા.૬૧,૪૭,૬૦૦/- નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૨) :** પેટલાદ નગરપાલિકાને યુ.ડી.પી.-૮૮ વર્ષ ૨૦૨૦-૨૧ માં બાકી રહેલ ગ્રાન્ટમાંથી કરવાનાં કામને યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૧ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રીમતિ ગીતાબેન જે. પરમાર, શ્રીમતિ વિશાલબેન એસ. સોનીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાને યુ.ડી.પી.-૮૮ વર્ષ ૨૦૨૦-૨૧ માં બાકી રહેલ ગ્રાન્ટમાંથી કરવાનાં કામે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા યુ.ડી.પી.-૮૮ વર્ષ ૨૦૨૦-૨૧ ની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી અગાઉ વિકાસનાં કામો હાથ ધરતાં

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાTવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

રૂા.૧૨૦.૨૫ લાખની રકમ બચત રહેવા પામેલ છે. જેમાંથી તેનાં વિવિધ સદર હેઠળનાં વિકાસનાં કામો હાથ ધરવાનાં થાય છે. જે નીચે જણાવેલ વિગતે વિકાસનાં કામો હાથ ધરવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કામની ટૂંકમાં વિગત | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|
| ૧ | ખાનદાસ સોસાયટીમાં સીસી રોડ બનાવવાનું કામ | ૫,૦૩,૦૫૫=૦૦ |
| ૨ | પેન્સિલ ફેક્ટરીનાં પ્રવેશ દ્વારમાં સીસી રોડ બનાવવાનું કામ | ૩,૭૯,૧૦૫=૦૦ |
| ૩ | સંતરામપુરાની ચાલીમાં મણીબેન કાંતિભાઇનાં ઘરથી મેલડીમાતાનાં મંદિર સુધી સીસી રોડ બનાવવાનું કામ | ૧,૨૫,૨૫૫=૦૦ |
| ૪ | સંતરામપુરા સ્કૂલથી કલ્યાણ સોસાયટી તરફ રોડની બન્ને બાજુ બ્લોક પેવિંગ કરવાનુ. કામ | ૧૯,૯૩,૨૮૫=૦૦ |
| ૫ | નવા અરજનફળિયા પાસે તળપદા વાસમાં સીસી રોડ બનાવવાનું કામ | ૧૪,૬૯,૩૧૭=૦૦ |
| ૬ | પેટલાદ સહયોગ સોસાયટીમાં સીસી રોડ બનાવવાનું કામ | ૩૨,૭૮,૫૪૨=૦૦ |
|  | કુલ :- | ૭૭,૪૮,૫૫૯=૦૦ |

ઉપર જણાવેલ કામો પેટલાદ નગરપાલિકાને યુ.ડી.પી.-૮૮ વર્ષ ૨૦૨૦-૨૧ માં એસ.સી.પી. સદર હેઠળની બાકી રહેલ રૂા.૬૨.૦૦ લાખની ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે ઉપર જણાવેલ કામો સામે દર્શાવેલ તૈયાર થઇ આવેલ અંદાજીત ખર્ચની રકમો મળી કુલ અંદાજીત ખર્ચ રૂા.૭૭,૪૮,૫૫૯=૦૦ નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૩) :** પેટલાદ નગરપાલિકાને યુ.ડી.પી.-૮૮ વર્ષ ૨૦૨૧-૨૨ માં મળનાર ગ્રાન્ટમાંથી કરવાનાં કામને યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૨ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રીમતિ ધરતીબેન જે. પટેલ, શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાને યુ.ડી.પી.-૮૮ વર્ષ ૨૦૨૧-૨૨ માં મળનાર ગ્રાન્ટમાંથી કરવાનાં કામે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા યુ.ડી.પી.-૮૮ વર્ષ ૨૦૨૧-૨૨ ની રૂા.૩.૦૦ કરોડની ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવનાર છે. જેમાંથી તેનાં વિવિધ સદર

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

હેઠળનાં વિકાસનાં કામો હાથ ધરવાનાં થાય છે. જે નીચે જણાવેલ વિગતે વિકાસનાં કામો હાથ ધરવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કામની ટૂંકમાં વિગત | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|
| ૧ | રબારીવાસ (શક્તિનગર સોસાયટી) માં બાકી રહેલ સીસી રોડ બનાવવાનું કામ | ૪,૭૭,૨૫૫=૦૦ |
| ૨ | સ્વામિ સચ્ચિદાનંદ ટાઉનશીપ (દંતાલી રોડ) માં સીસી રોડ બનાવવાનું કામ | ૬,૯૩,૭૦૦=૦૦ |
| ૩ | પેટલાદ આશાપુરી સોસાયટી (પીપળાવ રોડ) માં સીસી રોડ બનાવવાનું કામ | ૧૯,૧૧,૫૬૫=૦૦ |
| ૪ | ટાવર પાસે પંચાલનાં ગેરેજ પાસેથી નાની બ્રહ્મપોળમાં સીસી રોડ બનાવવાનું કામ | ૧,૨૧,૮૨૫=૦૦ |
| ૫ | ગંગામૈયા સોસાયટીમાં સીસી રોડ બનાવવાનું કામ | ૮૮,૭૭૪=૦૦ |
| ૬ | માળી ફળિયામાં સત્યનારાયણ મંદિરનાં ખાંચામાં સીસી રોડ બનાવવાનું કામ | ૪૬,૩૧૦=૦૦ |
| ૭ | ધોળીકુઇ ઊંડી શેરીમાં સ્ટ્રોમ વોટર ડ્રેઇન તથા સીસી રોડ બનાવવાનું કામ | ૨,૬૮,૩૭૪=૦૦ |
| ૮ | ભગવતિ સોસાયટી પાસે કલવર્ટ બનાવવાનું કામ | ૧,૩૪,૩૦૦=૦૦ |
| ૯ | અંકુર સોસાયટીમાં બાકી રહેલ સીસી રોડ બનાવવાનું કામ | ૧,૬૯,૧૧૯=૦૦ |
| ૧૦ | મોટી તથા નાની બ્રહ્મપોળ વચ્ચેનાં ચોકમાં સીસી રોડ બનાવવાનું કામ | ૫,૧૩,૧૦૦=૦૦ |
| ૧૧ | રણછોડરાય સોસાયટી (શેખડી રોડ) માં બાકી રહેલ સીસી રોડ બનાવવાનું કામ | ૧૧,૮૬,૩૦૫=૦૦ |
| ૧૨ | શીવ પાંખડી સોસાયટીમાં સીસી રોડ તથા સ્ટ્રોમ વોટર ડ્રેઇન બનાવવાનું કામ | ૯,૬૭,૫૬૪=૦૦ |
| ૧૩ | કલ્પતરૂ સોસાયટીમાં સ્ટ્રોમ વોટર ડ્રેઇન તથા સીસી રોડ બનાવવાનું કામ | ૧૮,૯૬,૨૦૦=૦૦ |
| ૧૪ | સાંઈવીલા સોસાયટીમાં સ્ટ્રોમ વોટર ડ્રેઇન તથા સીસી રોડ બનાવવાનું કામ | ૫,૯૫,૦૨૫=૦૦ |
| ૧૫ | માતૃકૃપા સોસાયટીમાં બાકી રહેલ સીસી રોડ બનાવવાનું કામ | ૩,૧૩,૫૨૯=૦૦ |
| ૧૬ | મહાદેવ ફળિયામાં કનુભાઇ રવજીભાઇનાં ઘરથી કનુભાઇ રણછોડભાઇનાં ઘર સુધી સીસી રોડ બનાવવાનું કામ | ૩,૮૧,૪૬૯=૦૦ |
| ૧૭ | કસ્બામાં રામજી મંદિરથી તાલુકા શાળા રોડ ક્રોસ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેઇન બનાવવાનું કામ | ૨,૪૮,૨૭૬=૦૦ |
| | કુલ :- | ૧,૦૦,૧૨,૬૯૦=૦૦ |

ઉપર જણાવેલ કામો પેટલાદ નગરપાલિકાને યુ.ડી.પી.-૮૮ વર્ષ ૨૦૨૧-૨૨ ની સામાન્ય સદર હેઠળ રૂા.૧૮૪.૦૦ લાખ, એસ.સી.એસ.પી. સદર હેઠળ રૂા.૬૧.૦૦ લાખ તથા ટી.એ.એસ.પી. સદર હેઠળની રૂા.૫૪.૦૦ લાખ મળી કુલ રૂા.૩.૦૦ કરોડની ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવનાર છે. આ ગ્રાન્ટ પૈકી સામાન્ય સદર હેઠળની રૂા.૧૮૪.૦૦ લાખની ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે ઉપર જણાવેલ કામો સામે દર્શાવેલ તૈયાર થઇ આવેલ અંદાજીત ખર્ચની રકમો મળી કુલ અંદાજીત ખર્ચ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

રૂા.૧,૦૦,૧૨,૬૯૦=૦૦ નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૪)** : પેટલાદ નગરપાલિકાનાં યોજના વિભાગ તરફથી આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૩ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રીમતિ ધરતીબેન જે. પટેલ, શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં યોજના વિભાગ તરફથી આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સ્ટ્રીટ વેન્ડીગ એકટ-૨૦૧૪ (આજીવિકા રક્ષણ અને ફેરીની પ્રવૃત્તિનું નિયમન) અધિનિયમ-૨૦૧૪ મુજબ પ્રકરણ-૧૦ નાં નિયમ નં.૨૪ નાં મુદ્દા નં.૧ મુજબ સ્થાનિક સત્તા, ફેરીયાને લગતી તમામ બાબતો અંગે રાજય સરકાર સાથે સંકલન માટે મહાનગરપાલિકાનાં કિસ્સામાં વર્ગ-૧ ની કક્ષાથી નીચેનો નહિં એવા અ વર્ગની નગરપાલિકાનાં કિસ્સામાં વર્ગ-૨ ની કક્ષાથી નીચેના નહિં અને બ, ક, ડ વર્ગની નગરપાલિકાનાં કિસ્સામાં નગરપાલિકામાં કાયમી ધોરણે ફરજ બજાવતાં વર્ગ-૩ માં આવે એવા અધિકારીની નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરવાની થાય છે. તે આધારે પેટલાદ નગરપાલિકા બ વર્ગની નગરપાલિકા હોઇ વર્ગ-૩ માં આવે તેવા નગરપાલિકામાં કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારીની નિમણૂંક કરવાની થાય છે. તેથી પેટલાદ નગરપાલિકામાં આ બાબતે વર્ગ-૩ નાં કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારી શ્રી અતુલકુમાર મધુકર ધર્માધિકારી ની નિમણૂંક કરવા કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

ધી ગુજરાત સ્ટ્રીટ વેન્ડર્સ રૂલ્સ-૨૦૧૬ નાં પ્રકરણ-૫ અપીલ્સમાં કરવામાં આવેલ જોગવાઇ અન્વયે નગરપાલિકા કક્ષાએ પ્રમુખશ્રીનાં અધ્યક્ષ સ્થાનેથી પેટલાદ નગરપાલિકા ખાતે અપીલ સમિતિની રચના કરવાની થતી હતી. તે આધારે પેટલાદ નગરપાલિકામાં અપીલ સમિતિની રચના કરવા તા.૦૭/૦૭/૨૦૨૧ થી કરવામાં આવેલ સરકયુલર ઠરાવથી આ સમિતિની રચના કરવામાં આવેલ છે. જે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

વધુમાં, સ્ટ્રીટ વેન્ડીગ એકટ -૨૦૧૪ અંતર્ગત શહેરી શેરી ફેરીયાઓની ચુંટણી કરવાની થતી હતી જે બાબતે તા.૦૭/૦૭/૨૦૨૧ નાં રોજ ગુજરાત સમાચાર દૈનિક પેપરમાં જાહેરાત આપી નામાંકન પત્ર ભરવાની અંતિમ તારીખ ૨૭/૦૭/૨૦૨૧ દર્શાવેલ હતી. જે સમયમર્યાદા પૂર્ણ થતાં કુલ છ અરજીઓ આવેલ

હતી અને નામાંકન પત્ર પરત ખેંચવાની અંતિમ તા.૩૦/૦૭/૨૦૨૧ નાં રોજ આવેલ નામાંકન પત્ર જોતાં જાહેર નિવિદામાં જણાવેલ તથા નિયમાનુસાર કેટેગરી મુજબ આવેલ હોઇ કોઈપણ અરજદારે નામાંકન પત્ર પરત ખેંચેલ ન હતું. જેથી તમામ અરજદારોને બિનહરિફ ચુંટાયેલ જાહેર કરવામાં આવેલ હતાં. જેથી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં તા.૦૪/૧૨/૨૦૧૮ નાં જાહેરનામાથી ધી સ્ટ્રીટ વેન્ડીગ એકટ -૨૦૧૪ ની રચના થયેલ છે.સદર અધિનિયમની કલમ-૪ ની પેટા કલમ(૨) (I) મુજબ નગરપાલિકામાં ચુંટાયેલ સભ્યશ્રીઓ પૈકી શ્રી રમેશભાઇ રાવજીભાઇ પરમારની નિમણૂંક કરવા કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૫) :** પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગ તરફથી રીપોર્ટ કે, રખડતા ઢોર પુરવાનો ડબ્બો જમીન નક્કી કરવી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૪ / તા.૨૯/૧૦/૨૧**

પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગ તરફથી આવેલ રીપોર્ટમાં જણાવેલ નગરપાલિકા હદ વિસ્તારમાં રખડતાં ઢોરને પકડી પુરવા માટેની જગ્યા નક્કી કરવા બાબતનું આવેલ કામ ફેર વિચારણા માટે હાલ પૂરતું મુલત્વી રાખવા ઠરાવવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર રાખવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૬) :** પેટલાદ નગરપાલિકાનાં હદ વિસ્તારમાં આવેલ નડતરરૂપ લારી-ગલ્લાને વૈકલ્પિક જગ્યા માટે વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૫ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કાજલ કે. પટેલ, શ્રી ભાવિનભાઇ એમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હદ વિસ્તારમાં આવેલ નડતરરૂપ લારી-ગલ્લાને વૈકલ્પિક જગ્યા ફાળવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રોડ પૈકી કેટલાંક રસ્તાઓ સાંકડા આવેલ છે. અને તે રોડ પર લારી-ગલ્લા ઉભા રાખી નાના નાના વેપાર ધંધા કરવામાં આવે છે. દિનપ્રતિદિન વાહન વ્યવહારમાં વધારો થતાં આવા સાંકડા રસ્તામાં આવી લારી-ગલ્લા નડતરરૂપ બને છે. તેથી ટ્રાફીક સમસ્યાને હલ કરવાનાં શુભાશયથી તેવા નાના નાના ધંધા રોજગાર વાળા ઇસમોને કોઇ વૈકલ્પિક જગ્યા નક્કી કરી તેઓને જગ્યા ફાળવવા યોગ્ય જણાય છે. તેથી

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

શહેરમાં આવેલ તેવા સાંકડા રસ્તા પર આવેલ નડતરરૂપ લારી-ગલ્લા ખસેડી તેઓ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ દેવકુવા પંપીગ સ્ટેશન પાસેનાં નગરપાલિકા હસ્તકનાં ઉપનગર કેન્દ્ર તરીકે નીમ થયેલ ટી.પીસ્કીમ નં.૨ નાં ફા. પ્લોટ નં.૭૯/૧/૧ ની આવેલ કુલ ૧૧૫૮૦ ચો.મી. ખુલ્લી જગ્યા પૈકી ઢોર ડબ્બા માટે પૂર્વ તરફની અનામત રાખેલ ૩૦૦૦ ચો.મી. જગ્યા બાદ કરતાં તે સિવાય પશ્ચિમ તરફની ૭૫૮૦ ચો.મી. વાળી જગ્યા સમતલ કરી હોકીગ ઝોન નક્કી કરી તેઓને ફાળવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા ચીફ ઓફિસરશ્રીને અને પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ. કામ નં. (૧)** : જીલ્લા આયોજન મંડળ દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો હાથ ધરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૬ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્ય શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષી, શ્રી ભાવિનભાઇ અમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

જીલ્લા આયોજન મંડળ દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો હાથ ધરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં જીલ્લા આયોજન મંડળ, આણંદ દ્વારા તેઓની કચેરીનાં પત્ર ક્રમાંકઃ આયોજન / ૨૦૨૦-૨૧ / વશી / ૨૦૫ તા.૧૨/૦૪/૨૦૨૧ થી રૂા.૨૫.૦૦ લાખની ગ્રાન્ટની રકમ જીલ્લા આયોજન મંડળ, આણંદ દ્વારા ફાળવવામાં આવેલ છે. સદર ગ્રાન્ટની ૧૫% આયોજનની ગાઇડ લાઇન મુજબ કામો નક્કી કરી રજૂ કરવાનાં થાય છે. આ કામે નીચે જણાવેલ વિકાસનાં કામો હાથ ધરવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કામની ટૂંકમાં વિગત | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|
| ૧ | પેટલાદ (શ) માં લીબાકુઇ મોટાફળીયામાં સીસી રોડ કરવાનું કામ | ૩,૪૬,૧૫૦=૦૦ |
| ૨ | મનોરભાઇની ચાલીમાં સીસી રોડ કરવાનું કામ | ૨,૭૯,૦૦૦=૦૦ |
| ૩ | એસ.ડી. પઠાણ હાઇસ્કૂલથી ખોડિયાર વાઘરીવાસ તરફનાં ટી.પી રોડની બન્ને બાજુ બ્લોક પેવિંગ કરવાનું કામ | ૨,૧૮,૨૮૦=૦૦ |
| ૪ | પેટ્રોલ પંપ સામેથી કાળકા ગેટ રોડ તરફ સ્ટ્રોમ વોટર ડ્રેઇન બનાવવાનું કામ | ૫,૫૩,૩૦૦=૦૦ |
| ૫ | નુર તલાવડી હરિજનવાસમાં સ્ટ્રોમ વોટર ડ્રેઇન બનાવવાનું કામ | ૨,૭૪,૭૦૦=૦૦ |
| ૬ | લીમડી શેરી અંબામાતા રોડ તરફ સ્ટ્રોમ વોટર ડ્રેઇન બનાવવાનું કામ | ૨,૨૩,૫૦૦=૦૦ |

| | | |
|---|---|---|
| ૭ | ટાવર પાસે સ્વામિનારાયણ ખમણવાળાનાં ખાંચામાં સ્ટ્રોમ વોટર ડ્રેઇન બનાવવાનુ. કામ | ૭૨,૬૦૦=૦૦ |
| ૮ | પેટલાદ શહેરમાં બાકી રહેલ જગ્યાએ પાઇપ લાઇન સાથે હાઉસ ચેમ્બર બનાવવાનું કામ | ૫,૫૫,૧૦૦=૦૦ |
| | કુલ :- | ૨૫,૨૬,૬૩૦=૦૦ |

ઉપર જણાવેલ કામો પેટલાદ નગરપાલિકાને જીલ્લા આયોજન મંડળ દ્વારા સને ૨૦૨૧-૨૨ ની ફાળવવામાં આવેલ ગ્રાન્ટની રૂા.૨૫.૦૦ લાખની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે ઉપર જણાવેલ કામો સામે દર્શાવેલ તૈયાર થઇ આવેલ અંદાજીત ખર્ચની રકમો મળી કુલ અંદાજીત ખર્ચ રૂા.૨૫,૨૬,૬૩૦=૦૦ નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા ચીફ ઓફિસરશ્રીને અને પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ. વિ. (૨) કામ નં.** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જાહેર માર્ગોનું નામાભિધાન કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૭ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રી ભાવિનભાઇ એમ. પટેલ, શ્રીમતિ કાજલબેન કે. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જાહેર માર્ગોનું નામાભિધાન કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જાહેર માર્ગો પૈકી સ્વામિનારાયણ મંદિર પાસેનો રોડ, આર.કે. બિલ્ડીગ પાસેનો રોડ તથા વાળંદની ખડકી પાસે આવેલ જાહેર માર્ગોને આગવી ઓળખ મળી રહે તેવા શુભાશયથી કોલેજ ચોકડીતરફનાં રોડ થી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર થી બાવળી જકાતનાકાને જોડતા રસ્તાને "શ્રી પ્રમુખ સ્વામિ મહારાજ માર્ગ", આર.કે. બિલ્ડીગથી સ્ટેશન રોડ થઇ સરદાર ચોક સુધીનાં રોડને "શેઠશ્રી રમણલાલ કેશવલાલ પરીખ માર્ગ" અને ચોકસીબજારથી કશ્યાભાઇની બ્રહ્મપોળ થઇ નારીયા પાડા રોડને જોડતા રસ્તાને "પંડિત દિન દયાળ ઉપાધ્યાય માર્ગ" નાં નામ આપી નામાભિધાન કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા.વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પેટલાદ નગરપાલિકા

**જ. વિ. (૩) કામ નં.** : પેટલાદની ટી.પી સ્કીમ નં.૧ નાં ફા. પ્લોટ નં.૨૬/એ માં આવેલ બાલક્રિડાંગણવાળી જગ્યા તેનો હેતુફેર કરી ડો.બાબા સાહેબ આંબેડકર ભવન બનાવવા ફાળવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૮ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રીમતિ જલ્પાબેન બી. શાહ, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદની ટી.પી સ્કીમ નં.૧ નાં ફા. પ્લોટ નં.૨૬/એ માં આવેલ બાલક્રિડાંગણવાળી જગ્યા તેનો હેતુફેર કરી ડો.બાબા સાહેબ આંબેડકર ભવન બનાવવા ફાળવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સુણાવ રોડ પર કચ્છી પટેલની વાડી પાસે શ્રી ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા. પેટલાદ નગરપાલિકા દ્વારા મુકવામાં આવેલ છે. તેઓ ભારતનાં બંધારણનાં ઘડવૈયા હોવાથી તેઓની ગરીમા જળવાય અને દલિત અને પછાત વર્ગનાં તેમજ અનુસૂચિત જાતિ અને જન જાતિનાં નાગરિકો આ વિસ્તારમાં રહેતા હોવાથી તેઓનાં ઉપયોગ અર્થે ડો. બાબા સાહેબ આંબેડકર ભવન બનાવવા માટે આ વિસ્તારમાં જરૂરી જગ્યા ફાળવવા મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગીતાબેન જે. પરમાર તથા અન્ય સભ્યશ્રીઓ દ્વારા લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ છે. આ અંગે આ વિસ્તારમાં પેટલાદની ટી.પી.સ્કીમ નં.૧ નાં ફા.પ્લોટ નં.૨૬/એ વાળી જગ્યા ફાળવી શકાય તેમ છે. પરંતુ આ જગ્યા પેટલાદની ટી.પી સ્કીમમાં બાલ ક્રિડાંગણ માટે નીમ થયેલ છે. તેથી ડો.બાબા સાહેબ આંબેડકર ભવન માટે જગ્યા ફાળવણી કરવા સબંધિત સક્ષમ અધિકારીની કચેરીએથી હેતુફેર કરાવવો જરૂરી છે. તેથી પેટલાદની ટી.પી.સ્કીમ નં.૧ નાં ફા.પ્લોટ નં.૨૬/એ માં આવેલ બાલક્રિડાંગણવાળી જગ્યાનો જરૂરી હેતુફેર કરાવી પૂર્વ મંજુરીને આધિન ડો.બાબા સાહેબ આંબેડકર ભવન માટે સદર જગ્યા ફાળવવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ. વિ. (૪) કામ નં.** : પેટલાદ શહેરમાં આવતી એસ.ટી.ડેપોની તમામ બસ સરદાર ચોકથી શેરપુરા થઇ કાળકા ગેટ થઇ સ્ટેશન જવા માટેનો રસ્તો વન વે પુનઃ ચાલુ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૯ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રી જીજ્ઞેશકુમાર એ. જોષી, શ્રીમતિ જલ્પાબેન બી. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ શહેરમાં આવતી એસ.ટી.ડેપોની તમામ બસ સરદાર ચોકથી શેરપુરા થઇ કાળકા ગેટ થઇ સ્ટેશન જવા માટેનો રસ્તો વન વે પુનઃ ચાલુ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સ્ટેશન રોડ પર દિનપ્રતિદિન વાહન વ્યવહાર વધવાનાં કારણે અને આ રસ્તો સાંકડો હોવાથી અને મુખ્ય બજાર હોવાથી વેપાર ધંધા રોજગારને અનુલક્ષીને ખૂબજ ભીડ જાહેર તહેવારોમાં થાય છે. તેથી એસ.ટી. બસ તથા ભારે વાહનો જો આ માર્ગ પરથી પસાર થાય તો ટ્રાફીક જામ થવાથી સમસ્યા ઉભી થાય છે. અને કયારેક અકસ્માત પણ થવાની સંભાવના રહે છે. તેથી અગાઉ સરદાર ચોકથી શેરપુરા-કાળકા ગેટ થઇ બસ સ્ટેશન તરફ જતો વન વે હતો જે કેટલાક સમયથી બંધ કરવામાં આવેલ છે. તેથી સ્ટેશન રોડનાં મુખ્ય બજારની ટ્રાફીક સમસ્યા હલ કરવાનાં હેતુસર સરદાર ચોકથી શેરપુરા થઇ કાળકા ગેટથી બસ સ્ટેશન તરફ રસ્તો એસ.ટી. બસ અને ભારે વાહનો માટે પુનઃ કાર્યરત કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે સંધિત વિભાગની કચેરીઓએ જાણ કરવા તથા આનુસાંગિક જરૂરી કાર્યવાહી હાથ ધરવાની સત્તા ચીફ ઓફિસરશ્રીને અને પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ. વિ. (૫) કામ નં.** : પેટલાદ નગરપાલિકાનાં બાંધકામ તથા ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત રોજબરોજની આવતી ફરિયાદોનો નિકાલ આઉટ સોર્સીંગ થી કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૦ / તા.૨૯/૧૦/૨૧**

મ્યુનિ. સભ્યશ્રી અશ્વિનભાઇ આર. કાછીઆ, શ્રી રમેશભાઇ આર. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે,

પેટલાદ નગરપાલિકાનાં બાંધકામ તથા ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત રોજબરોજની આવતી ફરિયાદોનો નિકાલ આઉટ સોર્સીંગ થી કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં બાંધકામ વિભાગ તથા ભૂગર્ભ ગટર યોજના વિભાગની રોજ બરોજની આવતી ફરિયાદોનાં નિકાલ પેટલાદ નગરપાલિકામાં તે અંગેનાં પૂરતા કાયમી સ્ટાફ ન હોવાને કારણે કોન્ટ્રાકટ પધ્ધત્તિથી માણસો રોકી કામગીરી કરાવવામાં આવે છે. પરંતુ વખતો વખત સરકારશ્રીમાંથી મળતી સુચના અન્વયે આવી કામગીરી આઉટ સોર્સીંગથી કરાવવી જોઇએ. તે આધારે પેટલાદ નગરપાલિકામાં બાંધકામ વિભાગ તથા ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત આવતી રોજબરોજની ફરિયાદોનાં નિકાલ કરવાનાં કામે નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી આઉટ સોર્સીંગથી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આનુસાંગિક જરૂરી કાર્યવાહી હાથ ધરવાની સત્તા ચીફ ઓફિસરશ્રીને અને પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ. વિ. (૬) કામ નં.** : મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડ, શ્રીમતિ અનિશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરિફખાન જે. પઠાણ, શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ, શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ વિ.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

મીરઝા, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ. કાજી, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રી અસ્લમબેગ એ. મિરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૧ / તા.૨૯/૧૦/૨૧**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે,મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડ, શ્રીમતિ અનિશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરિફખાન જે. પઠાણ, શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ, શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ વિ. મીરઝા, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ. કાજી, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રી અસ્લમબેગ એ. મિરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામ ન હોવાથી અધ્યક્ષશ્રીએ આજની સામાન્ય સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.